પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૯ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૨, સોમવાર; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તાઈવાનમાં પ્રચંડ ભૂકંપ, ટ્રેનો હચમચી

**જાપાનમાં સુનામી એલર્ટ : તાઈતુંગમાં જમીનની અંદર ૧૦ કિમી ઊંડાઈએ કેન્દ્રબિંદુ તાઈવાનમાં અનેક જગ્યાએ માર્ગો અને બ્રિજ તૂટી ગયા**



તાઈતુંગ, તા.૧૮

તાઈવાનમાં રવિવારે ફરી એક વખત ભૂકંપની તીવ્ર ઝાટકા આવ્યા છે. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં આ ત્રીજી વખત ભૂકંપ આવ્યો છે. ભૂકંપને પગલ જાપાનમાં સુનામી એલર્ટ પણ આપવામાં આવ્યું છે. તાઈવાનના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે દક્ષિણ-પૂર્વ વિસ્તાર સ્થિત તાઈતુંગ કાઉન્ટીમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ હતું. આ અગાઉ શનિવારે પણ આ જ વિસ્તારમાં ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. રવિવારે આવેલા ભૂકંપની તીવ્રતા ૬.૮ માપવામાં આવી છે. ત્યારબાદ રવિવારે બપોરે આ જ જગ્યા પર ૭.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. જે તાઈતુંગમાં જમીનની અંદર ૧૦ કિમી ઊંડાઈએ કેન્દ્રબિંદુ હતું.

ચીનના અર્થક્વેક નેટવર્ક સેન્ટરે જણાવ્યું છે કે ફુજીયાન, ગુઆંગડોંગ અને શાંઘઈ સહિતના તટીય વિસ્તારોમાં ભૂકંપની તીવ્ર આંચકા અનુભવાયા છે. તાઈવાનમાં અનેક જગ્યાએ માર્ગો અને બ્રિજ તૂટી ગયા છે. ટ્રેન રમકડાની જેમ પાટા પર હચમચી ગઈ છે. તાઈવાનના હવામાન વિભાગે જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર ચિંશાં શહેર નજીક જમીનમાં સાત કિમી ઊંડાઈએ હતું. તાઈવાન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે ભૂકંપને લીધે યુલી શહેર નજીક ત્રણ માળની એક ઈમારત ધ્વસ્ત થઈ ગઈ છે, જેમાં સાતથી ૧૧ દુકાન હતી અને ઉપરના માળમાં લોકો રહેતા હતા.

બીજી બાજુ જાપાનના હવામાન વિભાગે ભૂકંપની પગલે ૩.૨ ફૂટ ઊંચા મોજા સાથે સુનામી આવવાની ચેતવણી આપી છે. કારણ કે ઓકિનાવામાં ભૂકંપ આવી ચુક્યો છે. ત્રણ વખત ભૂકંપનો અહેસાસ થયો છે. રાજધાની તાઈપેમાં કેટલીક ઈમારતોને નુકસાન થયું છે.

તાઈવાન રિંગ ઓફ ફાયર વિસ્તારમાં આવે છે, જ્યાં સૌથી વધારે ભૂકંપ આવે છે. અહીં સુનામી તેમ જ જ્વાળામુખી વિસ્ફોટની પણ ઘટના બનતી રહે છે.

## તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં PFI વિરુદ્ધ દરોડા પડાયા : આતંકવાદી કનેક્શનની તપાસ

**એનઆઈએની ૨૩ ટીમો આ કાર્યવાહીમાં લાગેલી છે અને તેણે કુલ ૩૦ જગ્યાએ દરોડા પણ પાડ્યા છે**

નવી દિલ્હી, તા.૧૮

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ રવિવારે આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરમિયાન નિઝામાબાદ એ કેસ પર કાર્યવાહી કરી રહ્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અહીં કરાટે ટ્રેનિંગ સેન્ટરની જગ્યાએ આતંકવાદી ટ્રેનિંગ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું છે. ટ્રેંઇએ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ના જિલ્લા કન્વીનર શાહદુલ્લાહના સ્થાન પર દરોડા પાડ્યા છે.

જાણકારી અનુસાર NIA ૩૦ સ્થળો પર દરોડા પાડીને કાર્યવાહી કરી રહી છે. જેમાં નિઝામાબાદ, કુર્નૂલ અને ગુંટુર જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. એનઆઈએ આ દરોડામાં આ સંગઠન અને તેના સભ્યોના આતંકવાદી કનેક્શન કાઢવાનો પ્રયાસ કરી રહી છે. આ કેસમાં પોલીસે મહંમદ ઈમરાન અને મોહમ્મદ અબ્દુલ મોબીનને અગાઉથી જ કસ્ટડીમાં લીધા છે. તેમની સામે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો.

NIAના હૈદરાબાદ યુનિટે અબ્દુલ ખાદર અને અન્ય ૨૬ લોકો સામે કેસ નોંધ્યો હતો. આ કેસમાં કેન્દ્ર સરકાર સામે કથિત યુદ્ધ છેડવાની યોજના હોવાના ગંભીર આક્ષેપો થયા છે. પીએફઆઈ સંગઠનમાં યુવાનોની ભરતી કરીને તેમને આતંકવાદી તાલીમ આપવાના આરોપો પણ લાગ્યા છે જેથી તેઓ આતંકવાદી ઘટનાઓને અંજામ આપી શકે.

PFI પર એવો પણ આરોપ છે કે તેઓ ગેરકાયદેસર મેળાવડાઓનું આયોજન કરે છે જેમાં તેઓ ધર્મના આધારે અન્ય જૂથો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરે છે. આરોપ છે કે આ સંગઠન દેશની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક

● અનુસંધાન પાન-૭ પર




## મારા જેવા નેતાઓ ચિત્તા માટે સૌથી મોટું જોખમ છે : મોદી

**ચિત્તાની રક્ષા કરવામાં સૌથી મોટું જોખમ કયું છે? નેતાઓ, મારા જેવા લોકો, તમારે તેમને પણ રોકવા જોઈએ : મોદી**



કૂનો, તા.૧૮

૭૦ વર્ષ પછી ભારતની ધરતી પર લુપ્ત થયેલા ચિત્તાની વાપસી થઈ છે. નામિબિયાથી લાવવામાં આવેલા આઠ ચિત્તાને શનિવારના રોજ છોડવામાં આવ્યા હતા. આ ખાસ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ પણ હાજર રહ્યા હતા. નોંધનીય છે કે અત્યારે મુલાકાતીઓ ચિત્તા જોઈ શકશે નહીં. એક મહિના સુધી તો તેમને ક્વોરન્ટીન કરવામાં આવશે. જ્યારે તેઓ ભારતના વાતાવરણમાં સેટ થઈ જશે ત્યારે જ મુલાકાતીઓ તેમને જોઈ શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બાબતે ચિત્તા મિત્રો સાથે વાતચીત કરી હતી. તેમણે ચિત્તા મિત્રોને કહ્યું કે, નેતાઓ અને પત્રકારોને પણ પ્રવેશ ના મળવો જોઈએ.

વડાપ્રધાને ચિત્તા મિત્રોને પૂછ્યું કે, શું તમે જાણો છો કે ચિત્તાની રક્ષા કરવામાં સૌથી મોટું જોખમ કયું છે? નેતાઓ. મારા જેવા લોકો. તમારે તેમને પણ રોકવા જોઈએ. જો હું પણ આવુ તો તમારે ના પાડવાની. જો મારા કોઈ સંબંધી આવે અથવા તો મારું નામ લઈને કોઈ અહીં આવે તો પણ તમારે તેમને પ્રવેશ કરવા ના દેવા જોઈએ. બ્રેકિંગ ન્યુઝ લોકો પણ અહીં આવવાનો પ્રયત્ન કરશે. તમારે આ તમામ લોકોને રોકવાના છે.

વડાપ્રધાને શરુઆતમાં જ ચિત્તા મિત્રોને પૂછ્યું કે શું તમે સમજો છો કે તમારી જવાબદારી શું છે? તેમણે ઉત્તર આપ્યો કે,

● અનુસંધાન પાન-૭ પર

